શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ, મુંબઈ

વ્યાખ્યાનમાળા – 2022/23

18th Feb 23

# બંગાળના જૈન તીર્થો

વ્યાખ્યાતા – અર્પિતભાઈ શાહ

કલકત્તા એ સંસ્કૃતિની ભૂમિ છે. ભારતભરમાં અહીંથી સંસ્કૃતિની વિશેષ આભા મળી આવે છે. એટલે કલકત્તાના દેરાસરોમાં એ સંસ્કૃતિની ઝલક જોવા મળે છે. આ વ્યાખ્યાનમાં બંગાળમાં જેટલા પણ તીર્થો છે તે બધા તીર્થોની અહીં વાત કરવામાં આવશે. એ તીર્થોને ઐતિહાસિક દ્રષ્ટિએ પણ જોવામાં આવશે. બંગાળની ભૂમિમાં પ્રવેશતા જાણે પરમાત્માની ભૂમિની સ્પર્શના કરી રહ્યા હોય એવું લાગે છે. આ ભૂમિની ખાસિયત મોટાભાગના લોકો જાણતા નથી. આજે આપણે પરમાત્માની વિચરણ ભૂમિની યાત્રા કરીશું. શ્રી પાર્શ્વનાથ પ્રભુ અને શ્રી મહાવીરસ્વામી જ્યાં સાક્ષાત પધાર્યા હતા અને જ્યાં મહાવીરસ્વામીએ છદ્મસ્થકાળમાં કેટલીય આરાધના કરી હતી એવી બંગાળની ભૂમિનો આપણે પ્રવાસ કરશું.

- તીર્થંકરોની વિચરણ ભૂમિ વિશે આગમમાં, સૌથી પ્રાચીન એવા શ્રી આચારંગ સૂત્રમાં લખવામાં આવ્યું છે કે રાઢ પ્રદેશની વજ્ર ભૂમિ અને શુભ્ર ભૂમિ જ્યાં મહાવીરસ્વામી વિચર્યા હતા અને આ ભૂમિ પર તેમના પર ઘણા ઉપસર્ગો પણ થયેલા. જ્યારે પરમાત્મા રાઢ પ્રદેશમાં વિચરી રહ્યા હતા ત્યારે લોકો તેમને મારતા, લાઠી મારતા એવી અનાર્ય ભૂમિ રાઢ પ્રદેશ પર પરમાત્માએ વિચરણ કર્યું હતું. તે ઉપરાંત પાર્શ્વનાથ પ્રભુ પણ વિચરી ગયા હતા તેવા પુરાવા પુરાણ ગ્રંથોમાં પણ આપણને જોવા મળે છે.

- આગમિક વર્ણન ભગવતી સૂત્રમાં ભગવાને પ્રણિત ભૂમિમાં વિચરણ કરેલું એવા ઉલ્લેખ મળે છે. પરમાત્માએ ગોશાળા સાથે વિચરણ કરેલું એનો પણ ઉલ્લેખ મળે છે.

- કલ્પસૂત્રમાં પણ પરમાત્માએ પ્રણિત ભૂમિમાં ચાતુર્માસ કરેલું એનું વર્ણન આવે છે.

રાઢ પ્રદેશ, વજ્ર ભૂમિ, પ્રણીત ભૂમિ એ આજનું વર્તમાનકાલીન બંગાળ છે. રાઢ પ્રદેશમાં વજ્ર ભૂમિ, શુભ્ર ભૂમિ, પ્રણિત ભૂમિ આવે છે. વજ્ર ભૂમિ, શુભ્ર ભૂમિને 'બીરભૂમ' કહેવાય છે અને પ્રણિત ભૂમિને 'પુરુલિયા' કહેવામાં આવે છે. હવે આના વિશે ઈતિહાસકારોના કથન જોઈએ.

આચાર્ય ક્ષિતિમોહન કહે છે, બંગાળના પ્રાચીનતમ ધર્મના જે નિર્દેશન મળે છે એ સર્વ જૈન છે. એના પછી બૌધ્ધ યુગ અને તેના પછી વૈદિક યુગ આવ્યો. એટલે બંગાળમાં સૌ પ્રથમ ધર્મની શરૂઆત થઈ એ જૈન ધર્મથી થઈ.

જે ભૂમિમાં પરમાત્માએ સાધના કરી એવી ગૌરવશાળી ભૂમિ વિશે નેમીચંદ જૈન લખે છે કે ભગવાન મહાવીરે પોતાની સાધના અને તપ દ્વારા જે ભૂમિ એમના ચરણરજથી પવિત્ર થઈ એ તીર્થભૂમિ બંગાળના ગૌરવશાળી ઈતિહાસથી બંગાળના નિવાસીઓ અજાણ છે.

નાગેન્દ્ર બાસુ લખે છે, ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુએ અંગ, બંગ, કલિંગમાં વિહાર કર્યો હતો. ત્યાંથી તામ્રલિપ્ત દેશની પણ સ્પર્શના કરી હતી.

આમ ઈતિહાસકારો આપણા આગમોનો આધાર લઈ કહે જણાવે છે કે બંગાળમાં જૈનોનું કેવું અદ્દભૂત પ્રભુત્વ હતું. પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીએ ત્યાં રહીને જૈન ધર્મનો પ્રચાર કર્યો હતો.

પરમાત્મા મહાવીરનું પ્રથમ ચાતુર્માસ અસ્થિકગ્રામ વર્ધમાનમાં હતું. જે આજે 'બર્ધમાન જીલો' તરીકે ઓળખાય છે. પરમાત્માનું નામ વર્ધમાન પરથી બર્ધમાન જીલો નામ પડ્યું. અહીં 'સાત દેઉલ' કરીને એક જગ્યા છે. સાત દેઉલ એટલે સાત અલગ- અલગ જિનાલયો હતા. બંગાળમાં રેખા દેઉલ કરીને આર્કિટેક ચાલે છે. એટલે આખું એક જ શિખર, દેઉલ હોય. આ એવી શૈલીનું જિનાલય છે. તેની અંદર એક જ પ્રતિમા હતી. બર્ધમાન જીલ્લામાં બર્ધ નામનું ગામડું છે જેમાં સાત દેઉલનું મંદિર છે. એવું માનવામાં આવે છે કે આ જ સ્થળે પરમાત્માનું પ્રથમ ચાતુર્માસ થયેલું. અને આ જ સ્થળ ઉપર શૂલપાણિ યક્ષે પરમાત્મા પર ઘોર ઉપસર્ગ કર્યા હતા. પરમાત્માનું પ્રથમ ચાતુર્માસ હોવાથી એ ખૂબ જ પવિત્ર ભૂમિ છે.

પરમાત્માનું બીજુ નામ વીરપ્રભુ છે જેના ઉપરથી 'બિરભુમ' જિલ્લો પડ્યું. જેમાં સુવર્ણવાલુકા નદી છે. આ નદીના કિનારા પર પરમાત્માએ અર્ધ દેવદૂષ્યનો ત્યાગ કર્યો હતો. શ્વેતાંબીકા નગરીના પ્રદેશી રાજાએ અહીં પરમાત્માનું ખૂબ જ ઉમળકાથી સ્વાગત કર્યું હતું. રાજાને કેશીમુનિએ જૈન ધર્મ પ્રત્યે વાળ્યા હતા. એ જગ્યાનું નામ વજ્રભૂમિ હતું. પરંતુ રાજાને પરમાત્માના આવ્યાનો જે ઉત્સાહ હતો તેથી તેમણે 'વીરભૂમિ' નામ પાડ્યું. વીરભૂમિનું અપભ્રંશ થતાં થતાં આજે એ બીરભૂમ જિલ્લાના નામે ઓળખાય છે. બંગાળીમાં 'વ'ની જગ્યાએ બ નો ઉચ્ચારણ થાય છે. આ નગરીમાં 'અમુઆ' નામની જગ્યામાં એક વટવૃક્ષ નીચે પ્રભુ ધ્યાનમાં રહેલા એવી માન્યતા છે નેસ એ જગ્યા પરથી સોનાના સિક્કા પણ નીકળેલા. એટલે એવું પણ કહી શકાય કે પ્રદેશી રાજાને ખબર હતી કે પ્રભુ અહીં આવવાના છે એટલે સોનાના સિક્કા એમણે દાટેલા. આજે આ જગ્યા ઉપર હનુમાનજીનું મંદિર છે. નદી કિનારે આ મંદિર હોવા છતાં ત્યાં પાણી ભરાતું જ નથી. પુર આવે તો પણ. આ છે પરમાત્માનો પ્રભાવ. અમુઆમાં સેંથિયા નામના પ્રદેશમાં આદિનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા છે. ત્યાં શ્વેતાંબર તેરાપંથ અને શ્વેતાંબર મૂર્તિપૂજકનો જોઈન્ટ સંઘ છે, જોઈન્ટ ધર્મશાળા છે, જોઈન્ટ પાઠશાળા પણ છે.

કનકખલ આશ્રમના નામે જાણવામાં આવતી ચંડકૌશિક ઉપસર્ગ ભૂમિ પણ બંગાળમાં છે. ભોજરાજા પારખએ ખૂબ સંશોધન કર્યા બાદ ખબર પડી કે પરમાત્માની ઉપસર્ગ ભૂમિ જ્યાં ચંડકૌશિકે ઉપસર્ગ કરેલો એ જોગી પહાડી નામની જગ્યા પર કરેલો. આ ઉષ્કા ગામમાં એવી માન્યતા છે કે વર્ષો પહેલા કોઈ બાબાએ ચંડકૌશિક સર્પને પ્રતિબોધ કરેલા. અહીં જ્યારે પણ જમીન ખોદવામાં આવે છે ત્યારે સફેદ લિક્વીડ નીકળે છે. શાંતિનિકેતનમાં 'ઉત્તર વાચાલ વજ્રભૂમિ' નામની જગ્યા છે.જ્યાં શાંતિનાથ ભગવાનનું સરસ જિનાલય છે. આ પ્રભુ વીરનું નવમું ચાતુર્માસ ભૂમિ પણ છે. આ ભૂમિની આસપાસ બોલપુર સમીપમાં નાગસેન બ્રાહ્મણનું ઘર હતું જ્યા પરમાત્માએ અર્ધમાસક્ષમણનું પારણું કર્યું હતું. ઉત્તર વાચાલથી આગળ સુરભિપુર નગર છે. ત્યાં એક કિનારા પાસે ગંગા નદી પાર કરવા પ્રભુએ નૌકાવિહાર કર્યો હતો. જેમાં સુદાઢ દેવે ઉપસર્ગ કરેલો. ત્યાંથી પ્રભુ બીરચંદ્રપુર ગયા. આ રીતે પ્રભુ વીર બંગાળમાં જ્યાં જ્યાં મુખ્ય સ્થળે વિચર્યા તેની યાત્રા કરી.

ઐતિહાસિક ભૂમિ 'પુરુલિયા'-

એક તરફની પ્રણીત ભૂમિ એ આજનું પુરુલિયા છે. અહીં જૈન ધર્મનું પ્રભુત્વ ખૂબ જ ગૌરવભર્યું રહેલું હતું. 8મી થી 12મી સદી સુધી પાલ સામ્રાજ્ય બંગાળમાં એ 400 વર્ષના અદ્દભુત સમયગાળામાં જૈન ધર્મ સર્વોચ્ચ હતો. અહીંયા દામોદર, કાંગશાબાટી, સુવર્ણવાલુકા વગેરે નદીઓ દ્વારા જૈન વેપારીઓ પોતાના માલ-સામાન બંગાળની ખાડી સુધી પહોંચાડતા. આજે વર્તમાન સમયમાં પણ પુરુલિયા જિલ્લામાં તથા તેની આસપાસના લગભગ 50 ગામોમાં જૈન પ્રતિમા, જૈન મંદિર, જૈન અવશેષો પ્રાપ્ત થાય છે.

પુરુલિયા જિલ્લામાં ઘણાં ગામો છે જેમાં આપણને પ્રાચીન જિનાલયો, પ્રતિમાઓ પણ મળી છે. આ જિલ્લામાં સાંકળા ગામમાં 32 પ્રતિમાઓ મળે છે. નીમ-ભીજોડી ગામમાં શાંતિનાથ ભગવાનની મૂર્તિ છે જેને ત્યાંના સ્થાનિક લોકો

ભૈરવબાબાના નામથી પૂજે છે. બંગાળ અને ઓડિશામાં દેઉલ સ્થાપત્ય ખાસ જોવા મળે છે. ‘દેઉલઘાટા’ તથા ‘બાંદા દેઉલ’ નામનું જિનાલય હતું જે આજે ખંડેર અવસ્થામાં છે. પણ ત્યાં જે પ્રતિમાઓ હતી તે પુરુલિયા મ્યુઝિયમમાં રાખી છે. ‘છર્રા’ કરીને ગામ છે એમાં જૈન ધર્મનો અદ્‌ભૂત વારસો છે. અહીં કાળી મંદિર છે. જેની બહાર આદિનાથ ભગવાનની મૂર્તિને દ્વારપાલ તરીકે રાખવામાં આવી છે જે ખૂબ જ શરમજનક વાત છે. અહીં જૈન પ્રતિમાઓ ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાં મળે છે. અમુક દેઉલમાં લોકો પ્રાણીઓના બલિ ચઢાવે છે. લોકોના કહેવા છતાં પણ તેઓ બલિ ચઢાવે છે. તેઓનું માનવું છે કે એવું નહિ કરીએ તો અમારા ગામમાં નુકશાન થશે.

બંગાળનું જો સૌથી સમૃધ્ધ જૈન આર્કિટેક્ટર સાહિત્ય કોઈ હોય તો એ ‘પાકબીરા’ છે. એક સમયમાં અહીં 24 તીર્થંકરોના 24 જિનાલયો હતા. અત્યારે ફક્ત 3 જ જિનાલય છે. શીતલનાથ ભગવાનની ખૂબ જ ભવ્ય અને વિશાળ પ્રતિમા છે. ગવર્મેન્ટની દેખરેખ હોવાથી અહીં પશુઓની બલિ ચઢતી નથી. આદિનાથ ભગવાનની અલગ- અલગ પ્રતિમાઓમાં જટાની જુદી- જુદી કોતરણી પણ જોવા મળે છે. રક્ષતપુર નામના ગામમાં પાર્શ્વનાથ ભગવાનની પદ્માસન મુદ્રામાં પ્રતિમા મળે છે. એટલે એ ઉપરથી કહી શકાય કે ત્યારે શ્વેતાંબર સમાજનું પ્રભુત્વ પણ હતું. અત્યાર સુધી જેટલી પણ પ્રતિમાઓ મળી છે એ નગ્ન- અર્ધ નગ્નઅવસ્થા એટલે દિગંબર અવસ્થામાં મળતી હતી. પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની બીજી ખાસિયત પણ છે કે તેની નીચે ધરણેન્દ્ર પદ્માવતીનું શિલ્પ કોતરેલું છે.

‘તેલકુપી’ નગરમાં એક સમયે ઘણા બધા જીનાલયો, પ્રતિમાઓ હતી. પણ 1959માં ત્યાં દામોદર નદી ઉપર ડેમ બાંધવામાં આવ્યો હતો. તેને કારણો મોટું પૂર આવ્યું અને આખું નગર ડૂબી ગયું. ‘ગુરુડી’, ‘લૌલારા’, ‘બારમીસિયા’, ‘માનબજાર’, ‘પોલમા’, ‘કરચા’, ‘પારુલડિહા’, ‘ભસારડાંગા’, ‘પદલારા’, ‘સાંકા’, ‘ગોલામારા’, ‘સુઈસા’, ‘સોનાડાહા’, ‘બૌરિડી’ વગેરે કેટલાય નાના- નાના ગામડાઓમાં જૈન

પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. એ ઉપરથી અનુમાન લગાડી શકીએ કે જૈન ધર્મ કેટલે સમૃધ્ધ હશે. આજે પણ ત્યાં લગભગ 500 ગામોમાં જૈન અવશેષો પ્રાપ્ત થયેલા છે. તો કેવી અદ્દભુત જાહોજલાલી હતી.

બંગાળની અન્ય ઐતિહાસિક ભૂમિની વાત કરીએ તો બાંકુરા જિલ્લામાં 'ધારાપટ' ગામમાં એક વિષ્ણુ ભગવાનનું મંદિર છે પણ તેની ચારે બાજુ તીર્થંકર ભગવાનની પ્રતિમાઓ છે. અહીં બલિ છઢાવવામાં આવતી નથી. આ જિલ્લામાં 'મુકુટમનિપુર' નામનું એક હિલ સ્ટેશન છે અને તેની બાજુમાં જ અબિંકાપુર નામનું ગામ છે જેમાં જૈન પ્રતિમાઓ પ્રાપ્ત થયેલી છે. આ જિલ્લામાં દેઉલભીરા, તીલુડી, હરમાસરા આવા અનેક ગામડોમાં પ્રતિમાઓ મળેલ છે. બંગાળમાં પ્રાચીનમાં પ્રાચીન જૈન અવશેષો 'ચંદ્રકેતુગઢ' નામની જગ્યામાંથી મળે છે. આ જે પ્રતિમા પ્રાપ્ત થઈ છે એ ઈસ્વીની પ્રથમ શતાબ્દીની પ્રતિમા છે. બંગાળની સાથે બાંગ્લાદેશમાં પણ જૈન ધર્મનું અદ્દભુત પ્રભુત્વ રહી ચૂક્યું છે. એ ભદ્રબાહુસ્વામીની જન્મભૂમિ છે. અહીંથી પણ આપણને અનેક પરમાત્માની સુંદર મજાની કોતરણીયુક્ત પ્રતિમાઓ પ્રાપ્ત થયેલ છે.

કલકત્તાના જિનાલયોમાં પાંચ તીર્થ એવા છે જે 100 વર્ષ કરતા પણ વધુ પ્રાચીન છે. અહીં 14 શિખરબંધી દેરાસર અને 24 ગૃહ જિનાલયો છે. 14 દિગંબર જિનાલયો પણ છે. પ્રાચીન- અર્વાચીન એવા બંને બહુમૂલ્ય પ્રતિમાઓનો ભંડાર પ્રાપ્ત થાય છે. હુબલી નદીના કિનારે વસેલું આ અદ્દભુત તીર્થસ્થાન છે. કલકત્તામાં સૌથી પ્રાચીન આશરે 200 વર્ષ જૂનુ જિનાલય 'તુલાપટ્ટી' છે. જૈ ઈ.સ. 1815માં બનેલું. 2 માળના જિનાલયમાં શ્રી શાંતિનાથ અને શ્રી આદિનાથ ભગવાન બિરાજમાન છે. કલકત્તાના બડાબજારમાં આ જિનાલય છે. આરસનું બનેલ આ જિનાલય રાજપુતી અંદાજમાં જોવા મળે છે. રાજપુતી શૈલીમાં ચિત્રકારી કરવામાં આવેલ છે., સમવસરણ, નેમપ્રભુની જાનની ચિત્રકારી, અલગ- અલગ તીર્થોની પણ ચિત્રકારી જોવા મળે છે. લગભગ 150 વર્ષ પહેલા ચિત્રાંકનો કરવામાં આવેલ છે.

અહીં એક ચાંદીનું સિધ્ધચક્ર યંત્ર છે. નવપદની બંન્ને ઓળીમાં તેને બહાર કાઢી માંડલાની જેમ સ્થાપિત કરવામાં આવે છે. આ જિનાલયની ખાસિયત એ છે કે આ યંત્ર ઉપર સાચા રત્નનાં બનેલા ફળ- નૈવેદ્ય ચડાવવામાં આવે છે. એટલે સમયે કેવી સમૃધ્ધિ, કેવી જાહોજલાલી હશે તેનો ખ્યાલ આવે છે. અહીં બીજી બે પ્રતિમા વિશે એવી માન્યતા છે કે સળંગ 6 મહિના સુધી કોઈ એની પૂજા કરી શકતું નથી. તુલાપટ્ટીમાં પાષાણની 23 પ્રતિમાઓ, સ્ફટિક રત્નની 4 પ્રતિમા, સંગેઈસપની 1 પ્રતિમા, પન્નાની 1 પ્રતિમા, 120થી વધુ પંચધાતુ પ્રતિમા, 4 ગુરુમૂર્તિઓ પણ છે. એ સમયે જૈન ધર્મની વાત જ નીરાલી હતી. અલગ- અલગ પ્રતિમાઓ જે મળે છે તેનાથી એ જિનાલયની શોભા વધી જાય છે.

કલકત્તાનું નામ આવે એટલે કાર્તિકી પૂનમનો વરઘોડો આપણને યાદ આવે. તુલાપટ્ટીમાં આવેલ જિનાલયની ખાસિયત એ છે કે અહીંથી જે વરઘોડો નીકળે છે ત્યાંજ 60 ફૂટ ઊંચો ઈન્દ્રધ્વજ ફરકાવવામાં આવે છે. તેમાં દર વર્ષે એક નવો ધ્વજ લગાડી ફરકાવવામાં આવે છે. આ વરઘોડાને અત્યારે અંદાજે 206 વર્ષ પૂર્ણ થયા છે એટલે ઈન્દ્રધ્વજ પણ 206 ધ્વજયુક્ત ઈન્દ્રધ્વજ છે. આ વરઘોડામાં પરમાત્માને ચાંદીની પાલખીમાં બેસાડવામાં આવે છે. આ પાલખીમાં ધર્મનાથ ભગવાનને બિરાજમાન કરવામાં આવે છે. કલકત્તાનું નામ આવે એટલે ટ્રામ યાદ આવે. ટ્રામ એટલે ઉપર વાયર હોય. વરઘોડો નીકળે ત્યારે ધજાને પાસ થવું હોય તો વાયર કાપવો પડે. તો એ વખતે જૈનોએ બ્રિટિશ સરકારની પરમીશન લીધી હતી. તે વખતે બ્રિટિશ સરકારે પોતાના ખર્ચે આ ટ્રામના વાયરને કાપી આપતી. જેવો ઈન્દ્રધ્વજ પસાર થાય એટલે પાછળ જે બે ગાડી ચાલતી હોય એ વાયરને જોડી દેતી. બ્રિટિશ સરકારે પરવાનગી તો આપી હતી કે તમે ઈન્દ્રધ્વજ કાઢો. કોઈ રોકટોક નહિ કરે. પરંતુ આઝાદી પછી સરકારે આપણા પર કેસ કર્યો કે આ નહિ ચાલે. સરકારને બહુ નુકશાન થાય છે. પરંતુ કલકત્તા ટ્રામ કંપની આ નુકશાન ભરપાઈ કરવા તૈયાર થઈ અને આ પ્રથા આજ સુધી ચાલુ છે. આ ઈન્દ્રધ્વજ હેમખેમ પસાર થાય છે. આ

ઈન્દ્રધ્વજ પૂજનીય છે. સ્થાનિક લોકો પણ જ્યારે આ ઈન્દ્રધ્વજ નીકળે ત્યારે જાણે ઈષ્ટદેવ આવતા હોય એ રીતે એને આવકારે છે. આ આપણા જૈન શાસન માટે પ્રભાવના છે. આ રથયાત્રા દાદાજીનો બગીચો જે માણેકતલ્લામાં છે ત્યાં પૂરી થાય છે. આ દાદાજીનો બગીચાની એક ખાસિયત એ છે કે કલકત્તાનું સૌથી પ્રાચીન સ્થળ છે. જૈ 210 વર્ષ પ્રાચીન છે. અહીં કોઈ પ્રતિમા નથી પણ સ્થૂલભદ્રસરિશ્વરજી મહારાજની ચરણ પાદુકા અને દાદા ગુરુદેવના ચરણ પાદુકા છે.

Beauty of Bengal જેને કહેવાય એ શીતલનાથ ભગવાનનું જિનાલય - 'બદ્રીનાથ ટેમ્પલ' એ દાદાવાડીમાં છે. શેઠ બદ્રીદાસે બનાવેલું આ યુરોપિયન, ઈસ્લામિક અને જૈન કારીગરોનું અદ્દભુત મિશ્રણ છે. અહીં બેલ્જિયન ઝુમ્મરો પણ જોવા મળે છે. અંદર કાચનું ભવ્ય કામ કરેલું છે. મૂળનાયક શીતલનાથ પ્રભુ આગરાના રોશન મોહલ્લાના ભોંયરામાંથી પ્રાપ્ત થયેલા છે. આ જિનાલયના સ્થાપત્યની વાત કરીએ તો મુખ્ય દ્વાર 'દોચાલા' શૈલીનું બનેલું છે. અંદર જતા જ નાના નાના શિખરોયુક્ત 'શેખરી' શૈલીનું શિખર છે. અહીં રાજસ્થાની શૈલીની ઝલક જોવા મળે છે. ટોચ ઉપર કમળ ને એની ઉપર સુંદર પાંચ સ્તરનો કળશ જોવા મળે છે. પ્રવેશદ્વાર પાસ Geometric and floral motifમાં, ગાઉનમાં યુરોપિયન મહિલાઓની બે ટાઈલ્સ છે. યુરોપિયન ટાઈલ્સ અ સમયને દર્શાવવા માટે અહીં શણગારવામાં આવેલ છે. એક ઉપાશ્રય અથવા ગેસ્ટ હાઉસ છે. દરવાજા ઉપર પરંપરાગત રીતે રામગમલા ચિત્રો ભારતીય રાગોને દર્શાવતી લઘુચિત્રોનો સમૂહ છે. જિનાલયની બાજુમાં એક ભૂલભૂલામણી જેવી રચના છે. જે પ્રતીકાત્મક રીતે સ્વર્ગ તરફ અને નીચે તરફ નરકમાં લઈ જાય છે. જેમ સાપ-સીડીની રમત હોય એ રીતે. માછલી આકારના ફુવારા પણ છે. જિનાલયના થાંબલાઓ કોરીન્થિયન સ્ટાઈલના છે. અલગ- અલગ પ્રકારના બહુસ્તરીય ઝુમ્મરો પણ છે. ચાઈનીઝથી અલગ- અલગ સીરામીક વાઝ પણ લાવવામાં આવેલ છે. એ સમયે સંસ્કૃતિનું મિશ્રણ કરી વિવિધતામાં એકતા જોવા મળતી. રંગમંડપમાં તીર્થંકરોના જીવનદર્શન

કરાવતા કાચના લઘુચિત્રો પણ છે. વચ્ચે ગુંબજ છે જેને 16 ભાગોમાં વહેંચવામાં આવ્યો છે. દરેક વિભાગમાં વિવિધ સંગીતનાં સાધનો સાથે ટોચ ઉપર પુરૂષની આકૃતિઓ અને તળિયે વિસ્તરેલા હાથ સાથે માળા જેવી વસ્તુઓ પકડીને ઊભેલી સ્ત્રીની આકૃતિ છે. 36માંથી 32 રાગો અહીં દેખાડવામાં આવ્યા છે. 32 રાગો દ્વારા જાણે પરમાત્માની ભક્તિ કરવામાં આવે છે. 108 દિવાઓના બલ્બનો એક મોટો ઝુમ્મર પણ છે. જ્યારે કાર્તિક પૂનમનો વરઘોડો નીકળે છે ત્યારે શીતલનાથ ભગવાનને ચાંદીનું બખ્તર પહેરાવવામાં આવે છે જે સમવસરણ આકારમાં બનેલું છે. અહીં જે ચંદરવો છે જે સોનાના તારનો બનેલો છે. ઈ.સ. 1935માં આ દેરાસરની સિલ્વર જ્યુબલિ આવી ત્યારે બ્રિટિશ સરકારે આ જિનાલયનો સ્ટેમ્પ બહાર પાડ્યો હતો.

માણેકતલ્લામાં શ્રી મહાવીર સ્વામીનું જિનાલય છે. તેના શિખરો ઉપર 8 નાના- નાના શિખરો છે. જેમાં ઈસ્લામી, રાજપૂતી શૈલીનું મિશ્રણ છે. આ જિનાલયની એક ખાસિયત એ છે કે અહીં કોતરણી નથી પણ હેન્ડ પેઈન્ટિંગ કરેલી છે. આગળ શ્રી ચંદ્રપ્રભસ્વામીનું જિનાલય છે. જેમાં કાષ્ટની ભવ્ય કોતરણી છે. કલકત્તામાં ધર્મતલ્લા વિસ્તારમાં સ્થિત શ્રી નાહર જિનાલય છે. જેમાં 130 વર્ષ પ્રાચીન સ્ફટિક રત્નથી બનેલી 3 વિશાળ પ્રતિમા છે. હસ્તપ્રતો, કિંમતી પથ્થરોની મૂર્તિઓ, પ્રાચીન વસ્તુઓનો સમૃધ્ધ સંગ્રહ જોવા મળે છે. આ જિનાલયમાં 8મી, 10મી, 11મી સદીની અલગ- અલગ જગ્યાએથી લાવેલી પ્રતિમાઓ પણ છે. અહીં 470 વર્ષ પ્રાચીન કુંથુનાથ ભગવાનની પ્રતિમા પણ હતી. જે શ્રી મંગળાબેન પારેખના ગૃહજિનાલયમાં બિરાજમાન છે.

કલકત્તાની યાત્રા પૂર્ણ કરી અઝીમગંજ- જિયાગંજ, મુર્શિદાબાદ તરફ પ્રયાણ કરીએ. મુર્શિદાબાદ એ એક સમયનું બંગાળનું આર્થિક કેન્દ્ર હતું. બંગાળની રાજધાની પણ હતી. તે ગૌડ ને પાલ કાળની પણ રાજધાની રહી ચૂકી છે. વ્યાપાર માટે અહીં જૈનોનો વસવાટ હતો. મુર્શિદાબાદની આજુબાજુ અઝીમગંજ અને જિયાગંજ નગરોમાં

જૈન પરિવારોનો વસવાટ હતો. દુગ્ગડ, દુધોડિયા, નાહર, કોઠારી, નવલખા એ પાંચ મુખ્ય પરિવાર હતા. તે ઉપરાંત ભૂરા, ભંસાલી, લોઢા, શ્રીમાલ, સિંધી આદિ પરિવાર પણ હતા. અઝીમગંજમાં 7, જિયાગંજમાં 5 તથા કઠગોલમાં 1 જિનાલય છે. જેનું સ્થાપત્ય અદ્દભુત એવું ઈન્ડો- મુગલ- યુરોપિયનનું મિશ્રણ છે.

અઝીમગંજનું પ્રથમ દેરાસર નેમિનાથ ભગવાનનું પંચાયતી મંદિર છે. જેની ખાસિયત એ છે કે અહીં ફ્રેન્ચ બારીઓ છે અને ૨ શિખરોયુક્ત ભવ્ય જિનાલય છે. અહીં પથ્થરની, અષ્ટધાતુની, નીલમની, સ્ફટિકની પ્રતિમા બિરાજમાન છે. પ્રાચીન જ્ઞાનભંડાર પણ છે. ઈસ્લામી, ફ્રેન્ચ અને જૈન એમ ત્રણેય શૈલીની કોતરણી દેખાય છે. અહીં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય પણ છે. 500 વર્ષ કરતાં પણ પ્રાચીન પ્રતિમાઓ છે. કસૌટી પથ્થરની પ્રતિમા જ નહિ પણ આખો દ્વાર કસૌટી પથ્થરનો બનાવેલો છે. નાહર જિનાલયમાં સુમતિનાથ ભગવાન બિરાજમાન છે. અહીં અચલગચ્છ, તપાગચ્છ, પૂર્ણિમાગચ્છીય વગેરે ગચ્છો દ્વારા 14મી, 15મી અને 18મી સદી સુધીની પ્રતિમાઓ અહીં રાખવામાં આવી છે. અહીં સંભવનાથ ભગવાનનું ભવ્યાતિભવ્ય દિગંબર જિનાલય છે. એ સમયમાં આ પ્રતિમા ખૂબ જ ભારી હોવાથી ટ્રેનમાં જ લાવી શકાય એમ હતું તો તેને નલ્હાટીથી અઝીમગંજ સુધી લાવવા મુશ્કેલી હતી. કારણ અઝીમગંજમાં રેલ્વેલાઈન જ નહોતી. ત્યારે સ્વદ્રવ્યે રાય બહાદુર શ્રી ધનપતસિંહજી દુગડે 60 કિલોમીટર રેલ્વે લાઈનનું નિર્માણ કર્યું. આપણે જાણી શકીએ પરમાત્મા પ્રત્યેનો તેમનો અદ્દભુત ભાવ. આ જિનાલયમાં 86 પાષાણની, 164 અષ્ટધાતુની, નીલમ, કરણીરત્નની પ્રતિમા પણ છે. રામબાગમાં શ્રી સાંવલિયાજીનું મંદિર છે. દાદાવાડીનું મંદિર, જિયાગંજ અને જાંગપુરનાં મંદિરોની બધી મૂર્તિઓ પણ આ મંદિરમાં રાખવામાં આવેલ છે. તથા અષ્ટાપદજીનું મંદિર પણ છે. ઈ.સ. 1787માં જિયાગંજમાં આદિનાથ પ્રભુનું જિનાલય છે. જેમાં 15મી સદીની અનેક પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. નજીકમાં તપાગચ્છના ઉપાશ્રય પણ છે. ત્યાં વિમલનાથ ભગવાનનું જિનાલય છે. નજીકમાં દાદાસાહેબનું મંદિર છે. ઈ.સ.

1828માં મુર્શિદાબાદ સંઘ દ્વારા નિર્મિત સંભવનાથ પ્રભુનું જિનાલય છે. શ્રી કિરતબાગ જિનાલયમાં 14મી શતાબ્દીથી લઈ 19મી સદી સુધીની વિવિધ પાષાણ તથા ધાતુની પ્રતિમા છે. કઠગોલામાં બે માઈલના વિસ્તારમાં ફેલાયેલું આદિનાથ ભગવાનનું ત્રણ શિખરવાળું જિનાલય છે. આ ઉદ્યાન વાવડી, તળાવ, હોજ, લતામંડપથી શણગારેલું છે. યુરોપિયન શૈલીનું આર્કિટેકચર પણ છે.

બંગાળના ઘણાં તીર્થોનો ઐતિહાસિક દ્રષ્ટિએ આપણે પ્રવાસ કર્યો. હવે આપણે સાધર્મિક યાત્રા તરફ વળીએ.પુરુલિયામાં નાના નાના ગામડાઓમાં જૈનોની ખૂબ વસ્તી હતી. આક્રમણ બાદ જૈનો અહીંથી નીકળીને પશ્ચિમ તરફ ચાલ્યા ગયા. અમુક રાજસ્થાન, ગુજરાત તરફ ગયા. પણ જે લોકોને એમ થયું કે આ અમારા પરમાત્માની ભૂમિ છે, અમે અહીં જ રહીશું એ લોકો અહીંજ રહી ગયા અને તેઓ 'સરાક'ના નામે ઓળખાયા. પુરુલિયા, ઝારખંડ, ઉડિશા આ બધી બાજુ દોઢ લાખ સરાકોની વસ્તી છે અને 525 એવા ગામો છે જેમાં સરાક બંધુઓ રહેતા હતા. આ સરાક જાતિ કેંમ કહેવાય છે. તો એક સમયમાં તેઓ શ્રાવકો હતા. તો શ્રાવકોનું અપભ્રંશ થતાં થતાં 'સરાવક' બોલવા લાગ્યા. પછી ધીરે ધીરે 'વ' અક્ષરનો લોપ થતા 'સરાક' શબ્દ બન્યો. આ રીતે પોતાને શ્રાવકમાંથી સરાકની ઓળખાણ આપવા લાગ્યા. આજે પણ બંગાળમાં 'વ' શબ્દનું ઉચ્ચારણ થતું નથી. આ શ્રેત્રમાં લોકો માંસભક્ષણ કરતા પણ સરાક જાતિના લોકો શાકાહારી છે, કંદમૂળનો પણ ત્યાગ કર્યો છે. તે લોકોને ખબર નથી કે તેઓ જૈન છે. મૂળ પરંપરાથી તેઓ અલગ થઈ ગયા હતા.

સરાક લોકોનું ગોત્ર ઋષભ, અનંત, આદિ, ધર્મનાથ આવા તીર્થંકરના નામથી છે એટલે આપણને ખબર પડે છે કે આ સરાક પ્રભુની પરંપરાના શ્રાવક છે. તેઓ દિવાળી પણ જૈન પરંપરાથી ઉજવતા હતા. ભાષામાં પણ તેઓ જેમકે 'કાપવું' શબ્દનો પ્રયોગ કરતા નથી. એમાં પણ અહિંસા જોવા મળે છે. કારણકે તેઓ પ્રભુની પંરપરાથી આવેલા છે. પાણી પણ તેઓ ગાળીને પીએ છે. આવી કેટલીય વસ્તઓ છે જેમાં તેઓ પરંપરાથી છૂટા પડી ગયા હોવા છતાં મૂળ સ્થિતિ છોડી નથી. આજે

વર્તમાન સમયમાં રાજ પરિવાર, સમકિત ગૃપ એવા ઘણાય લોકો આ સરાક જાતિઓ માટે ઘણું કરી રહ્યા છે. પાઠશાળાઓ, નવા દેરાસરો, જૂના જિનાલયોનું સંરક્ષણ કરી રહ્યા છે. ઘણા વર્ષોથી રાજ પરિવારો, રાજ ધર્મવિજયજી મહારાજ સાહેબ દ્વારા અહીં સરાક લોકોને આજીવિકા આપવી, પૂજા—ૂરતિક્રમણ કરતા શીખવાડવું, પાઠશાળાનું જ્ઞાન આપવું, પર્યુષણ આદિની આરાધના કરાવવી આ બધું જ કાર્ય કરી રહ્યા છે. અત્યારે પણ સરાક જાતિના લોકેને પંચ પ્રતિક્રમણ આવડે છે, અષ્ટપ્રકારી પૂજા પણ કરી રહ્યા છે, સ્નાત્ર પૂજા પણ મોઢે આવડે છે. રોજ પરમાત્માની અદ્દભૂત આરાધના કરી રહ્યા છે. આપણને આ બધું જોઈને આશ્ચર્ય થાય કે જેમને ગુજરાતી, હિંદી નથી આવડતું, ફક્ત બંગાળી ભાષા જ આવડે છે તેઓ કેવો ધર્મ કરી રહ્યા છે. હેમશિખરવિજયજી મહારાજ સાહેબએ ભાઈઓ માટે શિબિરો પણ કરાવી. એમાં તેમને ટ્રેનિંગ આપવી, પંચ પ્રતિક્રમણ, બે પ્રતિક્રમણ આદિ સૂત્રો કરાવા, દેરાસરો બંધાવી આપવા જેથી તેઓની દૈનિક સેવા- પૂજા ચાલુ રહે.. આવી કેટકેટલીય સેવાઓ અત્યારે ચાલી રહી છે. તેની પાછળ મુખ્ય હેતુ જૈન ધર્મને આગળ લાવવાનો જ છે. અત્યારે સરાક ગામોમાં દિગંબર જિનાલયો પણ છે. બાગીચા, દેવગ્રામ, બિન્દાપાથર, કુમારડીહ, કુંડેહિત, મહલ, પર્વતપુર વગેરે અનેક ગામોમાં જૈન જિનાલયોનું નિર્માણ કરવામાં આવેલ છે. તેઓના ઘરની બહાર એક બોર્ડ મુકેલું હોય છે જેમાં **‘गर्व से कहो हम सराक जैन है’** એવું વાક્ય લખેલું છે. તો શું આવી ખુમારી આપણામાં ન આવી શકે ? શું આપણને આપણા જૈન ધર્મ, જૈનત્વ હોવાનો ગર્વ છે ? તો એ આપણે સરાક લોકો પાસેથી શીખવું જોઈએ અને પોતાના ધર્મ પ્રત્યે ગર્વ હોવો જોઈએ.